સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

થાય છે તોડ હવે, મટકી-ફોડની જરુર નથી,
મળે છે ઘર બેઠે, ટાંટિયા-તોડની જરુર નથી,
ભય નથી ફરિયાદનો, ફોડી નાખી ગોપીઓને જ
અમે છીએ, હવે તને જન્મ લેવાની જરુર નથી..
(ગોપીઓ = તપાસ કરનારી સંસ્થા)

બ્રેકીંગ હાઈકુ

થઈ હાલત,
'મનમોહન' જેવી -
સમન્વય માં..
(સુપર શાસન)

દિલ્હીની દોડ -
ધાવકો લે છે હવે -
વીઆરએસ..
(ડુંગરા દૂરથી..)

ચિંતન

અર્થ એવ પ્રધાન ઇતિ કૌટિલ્ય : । અર્થ મૂલૌ ધર્મ કામા વિતિ ॥

ધર્મ, અર્થ અને કામ આ ત્રણમાંથી અર્થની જ પ્રધાનતા છે - મહત્ત્વ છે, ધર્મ અને અર્થ તો તેને અનુસરતાં - તેની પાછળ પાછળ આવી જ જાય છે એમ કૌટિલ્ય નીતિ કહે છે.

ચાણક્ય, નાણાં-અર્થ-સમૃદ્ધિને ધર્મ અને કામ કરતાં પણ વધારે મહત્ત્વ આપે છે, એમના મત પ્રમાણે તો ધર્મ અને કામ-અર્થ હોય તો જ સચવાય છે. કોઈ પણ - સાંસારિક વ્યક્તિને પોતાના સંસારનું કાર્ય-ફરજો નિભાવવી હોય - સુખરુપ સંસાર ચલાવવો હોય તો, બધી જ પારિવારિક જવાબદારીઓ નિશ્ચિત રીતે પૂર્ણ કરવી હોય તો 'અર્થ' સભર હોવું જોઈએ અર્થાત ઘરમાં જાહોજલાલી - સમૃદ્ધિનું હોવું આવશ્યક છે.

અર્થ હોય તો જ ધાર્મિક કાર્યો પણ ઉત્સાહ અને પ્રસન્નતાપૂર્વક થઈ શકે છે અને કામનાઓ, ભોગ-વિલાસની બધી જ આવશ્યકતા પણ અર્થ દ્વારા જ પૂર્ણ થાય છે.

ધન-અર્થ એ જ માણસની જીવાદોરી છે.

સુવિચાર

- પ્રશંસા-પ્રિયતાના મૂળમાં છે ખ્યાતિની ખેવના !! ખ્યાતિનો ખિતાબ સાધના અને શ્રમથી જ મળે તો શ્રેયસ્કર છે, પણ ખુશામતથી મળે તો એ ખતરનાક છે - **એસ. ભટ્ટાચાર્ય**
- 'હું માફ કરી શકું છું પણ ભૂલી શકતો નથી' એમ કહેવાનો મતલબ એ જ થતો હોય છે કે, 'હું માફ કરી શકતો નથી' - **કૃષ્ણકાન્ત ઉનડકર**
- રંજ ઈસકા નહીં કિ હમ તૂટે, યે તો અચ્છા હુઆ ભરમ તૂટે, તુઝ પે મરતે હૈ જિંદગી !! અબ ભી જૂઠ લીખે તો યે કમલ તૂટે - **સૂર્યભાનુ ગુપ્ત**
- કોઈ પણ કાર્યની પ્રેરણાની પ્રતિક્ષા ન કરવી... કાર્ય નો ઉત્સાહભેર આરંભ કરી દો... પ્રેરણા ખુદ તમને શોધતી આવશે - **અઝીમ પ્રેમજી**
- જગત જખમી છે, અશાંત છે, એની અશાંતિમાં વૃદ્ધિ કરવાની જરુર નથી પહેલા માણસ ઠરશે તો જ દેશ-દુનિયા ઠરશે - **ભક્તિસૂત્ર**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

સાચા-સરળ સંતને કંઇ બોધ આપવા માટે સ્ટેજ-માઈક-ટીવી-વીડિયો-ફીડિયોની જરુર પડતી નથી. એમનું શુદ્ધ અને સરળ આચરણ જ 'બોધ' બની રહે છે.

રંગુજી નામનો માણસ ગુરુની શોધમાં ખૂબ ભટક્યો - પણ તેને સંતોષ થાય એવો કોઈ ગુરુ મળતો ન હતો. આખરે સંત તુકારામ પાસે રહ્યા. તુકારામની સાર-સંભાળ-સેવા-ચાકરી કરે અને શિષ્ય બની રહ્યા.

પરંતુ તુકારામજી તો પોતાની ભક્તિમાં ધ્યાનમાં અને પદો લખવામાં જ વ્યસ્ત રહેતા. રંગુજીની સેવાથી એમને સાનુકૂળ સમય મળતો.

રંગુજી ત્રણ વર્ષ રહ્યા પણ અહીંથી ખાસ કંઈ પ્રાપ્તિ થશે નહીં એવું જણાતાં તુકારામને છોડી સંત રામદાસ પાસે ગયા. સંત રામદાસે પૂછ્યું - પણ તમે તો તુકારામની સેવામાં હતા ને!

રંગુજીએ પોતાની વ્યથા કહી.

સંત રામદાસ કહે - ગુરુનું ચરિત્ર્ય-આચરણ જ બોધ હોય છે તમારી પાત્રતા પ્રમાણે એમાંથી જ તમારે મેળવી લેવાનું હોય તમે પણ તુકારામની જેમ 'ભક્તિમાં લીન રહો.' રંગુજી મર્મ સમજ્યા. તુકારામના શ્રેષ્ય શિષ્ય થયા.

આખરે વન રેંક - વન પેન્શનનું કોકડું ખુદ મોદીએ ઉકેલ્યું

તંત્રીસ્થાનેથી....

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ત્રિ-દિવસીય સમન્વય બેઠકમાં પહેલાં જ દિવસે પૂર્વ સૈનિકોની 'સમાન રેંક-સમાન પેન્શન' વળી ચાળીશ વર્ષ જૂની માગણી સત્વરે ઉકેલી દેવાનો સ્પષ્ટ નિર્દેષ અપાયા પછી ભાજપ સરકારને તાબડતોબ જન્માષ્ટમીના દિવસે આ માગણી સ્વીકારી લીધી હોવાની જાહેરાત કરવી પડી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તો બિહારના વન પોઈન્ટ મિશનમાં વ્યસ્ત હોઈ બોધિ ગયા ખાતે 'બુદ્ધં શરમં ગચ્છામિ - ધમ્મં શરણં ગચ્છામિ - સંઘં શરણં ગચ્છામિ' નો મંત્રજાપ કરી રહ્યા હતા. પરંતુ ભાજપ સરકારને એની માતૃસંસ્થા આર.એસ.એસ.ના આદેશનું ત્વરિત અમલીકરણ કરવાનું હતું. સંરક્ષણ મંત્રી મનોહર પરિકરે આ સૈદ્ધાંતિક દૃષ્ટિએ સરકાર અને પાર્ટી દ્વારા અગાઉથી સ્વીકારી લેવાયેલ બાબતને અધિકૃત રીતે સ્વીકૃતિ આપી હોવાની જાહેરાત કરી પરંતુ એમાં સ્વૈચ્છિક નિવૃત્તિ લેનારા પૂર્વ સૈનિકોનો સમાવેશ નહીં થઈ શકે, એ શરત ૮૪ દિવસથી જંતરમંતર ખાતે ધરણાં પર બેઠેલા પૂર્વ સૈનિકોને મંજૂર નથી. આમ સરકાર બિહારની ચૂંટણી પૂર્વે પૂર્વ સૈનિકોનો ચાળીસ વરસથી લટકતો પ્રશ્ન હલ કરી રહી હોવાનો દાવો પોકળ નીવડ્યો છે. જો કે મોદીએ ફરિદાબાદમાં રેલી કરીને પંદર વર્ષ નોકરી કર્યા પછી નિવૃત્ત થઈ ગયેલા જવાનોને પણ વન રેંક - વન પેન્શન યોજનાનો લાભ અપાશે એવી જાહેરાત કરીને સૈનિકોને રાજી કરી દીધા છે. સેનામાં સ્વૈચ્છિક નિવૃત્તિ જેવી કોઈ જોગવાઈ છે જ નહીં, તે વાત બ્યુરોક્રસી નહીં જાણતી હોઈ એણે સંરક્ષણ મંત્રી અને નાણાંમંત્રીને ગેરમાર્ગે દોર્યા હોવા જોઈએ એવું અર્થઘટન કરનારા પૂર્વ સૈનિકોના પ્રતિનિધિઓએ સ્પષ્ટતા કરી છે કે સેનામાં ફક્ત પ્રિમેચ્યોર રિયાટરમેન્ટની જ જોગવાઈ છે. સેનાને સંપૂર્ણપણે 'ફિટ' રાખવા માટેની જ આ જોગવાઈ છે, જેમાં 'અનફિટ' જવાનો અમુક વર્ષોની નોકરી પછી પેન્શનપાત્ર બનતાંની સાથે ઉચ્ચ અધિકારીઓની રજામંદીથી નિવૃત્ત થઈ જતા હોય છે. આવા જવાનોને આજીવિકા અને પ્રવૃત્તિ મળી રહે છે એ માટે પણ સરકારે એનાં વિવિધ સાહસોમાં એક્સ-સર્વિસમૅન કવૉટા રાખ્યો હોય છે. લગભગ ૪૧ ટકા જેટલા સૈનિકોને આ રીતે નોકરી પૂરી થતાં પહેલાં નિવૃત્ત કરી દેવાતા હોઈ સરકારે જાહેર કરેલ યોજના દેખીતી રીતે જ સેનાના એક બહુ મોટા હિસ્સાને મંજૂર ન હોય. આ મુદ્દો સંરક્ષણ મંત્રીના ગળે ઉતારવા માટે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજયમંત્રી રાજયવર્ધનસિંહ રાઠોડ સાથે સૈનિકોના પ્રતિનિધિઓએ મનોહર પર્રિકરની મુલાકાત પણ લીધી છે. પર્રિકરની પ્રેસકોન્ફરંસમાં રજૂ થયેલ મુદ્દાઓ પૈકીનો એક મુદ્દો પેન્શનની દર પાંચ વર્ષે સમીક્ષા કરવા અંગેનો છે. આ વાત પણ પૂર્વ સૈનિકોને કબૂલ નથી, કારણ કે એથી 'વન રેંક - વન પેન્શન' ને બદલે સરકાર 'વન રેંક-ફાઈવ પેન્શન' જેવું ગતકડું માથે મારતી હોય એવું લાગે છે. કોંગ્રેસની મનમોહન સરકારે એની છેલ્લી ઘડીઓ દરમિયાન વન રેંક વન પેન્શનની યોજના એપ્રિલ, ૨૦૧૪થી લાગુ કરવાનું વચન આપ્યું જ હતું. પરંતુ વચન તો મોદીએ પણ કયાં નહોતું આપ્યું? એનું અમલીકરણ કરવાનું આવ્યું છે ત્યારે કેટલી વીસે સો થાય છે, એનો અહેસાસ થઈ રહ્યો છે. વરસે દહાડે બારથી ચોદ હજાર કરોડનો બોજો વધી જવાનો છે. જોકે દેશ માટે આખી જિંદગી ન્યોછાવર કરવા તત્પર રહેતા સૈનિકો માટે સરકાર જે કંઈ કરે તે ઓછું ગણાશે. આખરે બિહારની ચૂંટણી ટાણે જ પૂર્વ સૈનિકોનો પ્રશ્ન નડતરરુપ બનશે એવું લાગતાં મોદીએ ફરીદાબાદ મેટ્રો રેલવેના ઉદ્‌ઘાટન પ્રસંગે સમય પૂર્વે નિવૃત્ત થનારા સૈનિકોને પણ આ યોજનાનો લાભ આપવાની જાહેરાત કરીને વિપક્ષોની બોલતી બંધ કરી દીધી છે.

હાથમાં પાસાઓ નથી... તો શું થયું? જુગાર તો મગજમાં રમાતો હોય છે!

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

હાથમાં પાસાઓ નથી... તો શું થયું ?
જુગાર તો મગજમાં રમાતો હોય છે !

શ્રાવણ મહિનો તેના અંતિમ ચરણમાં પહોંચી ગયો છે. શિવભક્તિ, કૃષ્ણભક્તિ તેમજ તહેવારોની વણઝાર સાથે હવે શ્રાવણ મહિનાની પૂર્ણાહૂતિ થશે અને ભાદરવા મહિનાના શ્રીગણેશ થશે ! ભાદરવો મહિનો એટલે ગણપતિનું આગમન ! પણ શ્રાવણ મહિનો જુગાર માટે પણ એટલો જ પ્રચલિત છે ! શ્રાવણિયો જુગાર એટલે કે માત્ર આ માસ દરમિયાન જ છાના-છપના યુવાનોને તેમજ શોખીન લોકોને આપણે જુગાર રમતા જોયા છે ! જુગાર એ આજકાલની નહિ પરંતુ, મહાભારતના સમયથી ચાલી આવતી રમત છે. સૌ કોઈ તેનાથી થનાર નુકશાન અને પાયમાલીથી વાકેફ છે જ અને તેમ છતાં રમવાની લાલસા પર કાબૂ કરી શકતા નથી ! આપણને ઘણીવાર વિચાર આવે કે હંમેશા દુર્ગુણો કે કુટેવો જ આટલા આકર્ષક અને લોભામણા શા માટે હોતા હશે ? નાના બાળકોને આપણે રોટલી-ભાખરીના બદલે જંકફુડ કે **unhealthy food** ને જ વધુ માણતા જોયા છે. સમજણ આવે ત્યારે સારા-નરસાનો ભેદ ચોક્કસ સમજાય પણ આપણે સૌ જાણીએ જ છીએ તેમ સત્યનો માર્ગ હંમેશા કઠિન તેમજ કષ્ટદાયક જ હોય છે !

શ્રાવણ મહિનામાં રમવામાં આવતા જુગારની વાત કરીએ ત્યારે આપણે જાહેરમાં કોઈને આમ કરતા તો જોયા નથી પરંતુ, જીવનમાં એવા ઘણા લોકોને મળ્યા હોઈશું કે જેઓ હાથમાં પાસા વગર જાત-જાતની રમત અને ચાલ ચલતા હોય છે! અત્યારની **most popular** અને અત્યંત લોકપ્રિય એવી **daily soaps** એ આ વાતનું જીવંત ઉદાહરણ છે ! તેમાંય ખાસ કરીને મોટા ભાગની આ પ્રકારની **serials** માં સ્ત્રીઓ દ્વારા જ અંદરો-અંદર એકબીજાની હરિફાઈ અને સ્પર્ધા જેવો માહોલ જામ્યો હોય છે. પોતાનું મહત્ત્વ વધારવા, વર્ચસ્વ જમાવવા પરિવારના જ સભ્યો સામે સ્ત્રીઓને ચાલ ચલતી દર્શાવવામાં આવે છે ! પહેલાના સમયમાં લોકો થોડા વધુ નિખાલસ અને લાગણીશીલ હતા. કોઈ પણ વ્યક્તિને સાચી સલાહ અને યોગ્ય માર્ગદર્શન ન ગમે તેવી શૈલીમાં કે કડક શબ્દોમાં આપવામાં કોઈ ક્ષોભ કે સંકોચ અનુભવતા નહિ ! પરંતુ, આજના યુગમાં હવે બધું જ **sophisticated myth** જેવું વધુ લાગે છે. ઉપર-ઉપરથી બધા જ એકબીજા માટે સાંરુ-સારું બોલે પણ દરેકના મનમાં કેવા પ્રકારનો જુગાર રમાતા હોય તે કળવું અઘરું છે. કવિશ્રી ઉમાશંકર જોશી લખે છે :

"મારી એક મુગ્ધ માન્યતા છે કે આ વિશાળ વિશ્વમંદિરના એકાદ ખૂણામાં પણ જયાં સુધી સત્ય, પ્રેમ કે સૌંદર્ય ઘવાતાં હોય, ત્યાં સુધી વિશ્વમાં અખંડ શાંતિ હોઈ શકે જ નહીં. આપણી પૃથ્વી પર પ્રતિપળે દુભાયેલા પ્રેમના નિશ્વાસના પડઘા શાંતિને અહોરાત વીંધી રહે છે, એ સ્પષ્ટ છે, તે અટકાવવા મનુષ્ય જાતિએ એક પણ પ્રયત્ન બાકી રાખવો જોઈએ નહિં."

આપણે સ્વતંત્રતા તો મેળવી લીધી પરંતુ, ખેડૂતો પર ત્રાસ, ગરીબી, લૂંટ વગેરે જુલ્મોથી હજુ પણ આપણે ઘેરાયેલા જ છીએ. અને તેના માટે જવાબદાર છે આપણી પોતાની જ નબળી માનસિકતા ! આપણે નિષ્ક્રિય બનીને અંગત સ્વાર્થની નાની-નાની બાબતોમાં જ ગૂંચવાયેલા રહીએ છીએ. જો કે, અમુક સદ્‌ગુણો આપણામાં સ્વભાવગત રહેલા છે; લોહીમાં ભળી ગયેલા છે. શ્રી કાકાસાહેબ કાલેલકર લખે છે તેમ :

આજે જે સદ્‌ગુણો સમાજના હાડમાં પચી ગયેલા દેખાય છે, તે એકાદ જમાનાના જબરદસ્ત પ્રચારને લીધે જ લોકસહજ થયેલા છે. માંસાહારનો ત્યાગ, અતિથિ સત્કાર, ભાઈ-બહેનનાં લગ્નનો અભાવ, વહેવારમાં જળવાતું ઘણુંખરું પ્રામાણિકપણું - એ બધાં સદ્‌ગુણો સમાજે કેળવણીથી સિદ્ધ કરેલા છે.

તો આવો, સૌ સાથે મળીને આપણને ગળથૂથીમાં મળેલી આ કેળવણીને ઉજાગર કરીએ અને મનમાં રમાતા જુગારરુપી અનિષ્ટને જડમૂળથી હટાવી દઈએ !

- nehalgadhavi101@gmail.com

ધમાલભરી આપણી જિંદગીમાં એક 'Pause' નું બટન પણ રાખીએ, અને સાચા અર્થમાં જિંદગીને માણીએ

પારિજાત
રેખા ભટ્ટ

"મળે જો નિરાંત એક ક્ષણની તો ટેંક પર માથું ટેકવીને સૂઈ જાઉં..."

રેકોર્ડ પ્લેયરમાં મનપસંદ ઠુમરીની તાન વાગી રહી છે. અને મન ધીરે ધીરે શાંત થતું જાય છે કે, બારીમાંથી રાતરાણીની મીઠ્ઠી મીઠ્ઠી સુગંધ આવે છે અને એ પમરાટ તન-મનમાં પ્રસરી જાય છે કે, રાત્રે તારાઓથી ખીચોખીચ ભરેલા આકાશને નિહાળતાં થાય છે કે આ વિશાળતાની સામે આપણી ચિંતાઓ કે સમસ્યાઓ કેટલી તુચ્છ છે અને હળવાશ અનુભવાય છે. કે, વહેલી સવારે શાંત વાતાવરણમાં ધીમે ધીમે ચાલીએ છીએ અને અહેસાસ થાય છે કે કેટલી સહજતા અને મુક્તિ; અને આનંદથી મન છલકાઈ જાય છે. કે, ગરમ પાણી ભરેલા બાથટબમાં થોડીક વાર પડી રહેવાથી હૂંફ અને સલામતી લાગે છે.

- જયારે જયારે અવકાશ મળે ત્યારે સંગીત સાંભળવાથી, કુદરતની નજીક જવાથી કે આરામ કરવાથી શરીરની તમામ ઇન્દ્રિયો શાંત થતી જાય છે અને તેથી મનથી અનુભવાતી તાજગી નો આ જાદુ છે. સતત ચાલતા રહેતા શરીર અને મગજ પાસેથી થકવી નાખે એવું કામ આપણે લઈએ છીએ. ત્યારે શરીરના તમામ કોષો અને માંસપેશીઓને થોડોક આરામ મળે તે અત્યંત જરુરી છે.

થોડુંક **Relaxation - Space** વિશ્રામ-વિરામ-આરામ - એને ગમે તે નામ આપીએ પણ મન-મગજ વધારે સક્રિય કરવા માટે થોડીક નિષ્ક્રિયતા પણ અનિવાર્ય છે. આમ તો શરીરને **fit** અને તંદુરસ્ત રાખવા માટે આપણે યોગ-પ્રાણાયામ-ધ્યાન-એરોબિક્સ તરફ વળીએ છીએ પણ થાકેલી માંસપેસીઓને આરામ માટે શવાસન/યોગનિંદ્રા ફરજિયાત છે.

જે લોકો જીમમાં જાય છે તેમણે પણ ટ્રેઈનર તરફથી સૂચના અપાય છે કે માંસપેશીઓની એક્સસાઈઝ પછી ૪૮ કલાકનો આરામ લઈને જ ફરીથી **workout** કરવું. અને તો જ એકસસાઈઝનો સાચો ફાયદો મેળવી શકાશે અને તેથી 'સ્પા' નો ઉપયોગ કરવાની સલાહ પણ અપાય છે.

આપણે જાણીએ છીએ કે રમતવીરો, ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ કે જેમના જીવનમાં રોજેરોજે હરિફાઈ હોય છે તે પૈઓ પોતાની જાત અને મનને અંકુશમાં રાખીને - શાંત રાખીને - પોતાના કામમાં સફળતા મેળવે છે કેમ કે પોતાની જાત પ્રત્યે વધારે કેન્દ્રિય ન થઈ શકનારા વદારે પડતા 'ટેન્સ' હોય છે અને હાથમાં આવેલી બાજી ગુમાવી બેસે છે. તેઓ મોટાભાગની લડાઈ તૈયારીના અભાવે નહીં પણ જરુરી સ્ફૂર્તિના અભાવે હારી જાય છે. તેથી હંમેશાં કહેવાય છે કે સખત કામ કરો પણ વચ્ચે થોડોક આરામ કરો. કેમ કે જે ખેતર થોડા સમય માટે ખાલી છોડી દેવાય છે તે વધારે સારો પાક આપે છે. ખેતરની વાત આવી એટલે આ સંદર્ભે એક નાનકડી વાર્તા યાદ આવી. એક ખેડૂત પોતાનો જીવજાનથી વહાલો બળદ બીજા ખેડૂતને વેચી રહ્યો હતો એટલે તેણે ખરીદનાર ખેડૂતને પુછ્યું, 'ભાઈ, તમને કોઈ વ્યસન ખરું ?'

પેલો ખેડૂત કહે, 'ના, ના, હું તો પૂરેપૂરો કામમાં ખૂંપી જવા વાળો માણસ છું. મને ચા, પાની-બીડી-કશાયનું વ્યસન નથી.' 'તો, તો મારે તમને મારો બળદ નથી વેચવો. કેમ કે કામની વચ્ચે તમે ય બે ઘડી જંપીને બેસો નહીં અને મારા બળદને ય ના બેસવા દો.' મારા બળદને તો બિચારાને આરામ જ ન મળે.

એટલે બળદના આરામની પણ ચિંતા કરનારા આપણે પોતાની તો કાળજી રાખીએ! ધમાલભરી આપણી જિંદગીમાં એક 'Pause' નું બટન પણ રાખીએ, અને સાચા અર્થમાં જિંદગીને માણીએ. નહીંતર એવું પણ બને કે,

નિકલે થે કહાં જાને કે લિયે, પહુંચ હૈ કહાં માલૂમ નહીં
દિનરાત ભટકતે કદમોં કો, મંઝીલ કા પતા માલૂમ નહીં.

નોનસેન્સ ન્યૂઝનો નોનસ્ટોપ બકાટ...!!!

રગળપાટ
અજય ઉપાધ્યાય

ત્રીજા પતિની બીજી પત્ની કે જેના પર પોતાના પહેલા પતિથી થયેલી પુત્રીના ત્રીજા પતિના પુત્ર સાથેના કહેવાતા અફેર બદલ પોતાના બીજા પતિની મદદથી હત્યા કરવાનો આરોપ છે. વાત શીના બોરા હત્યાકાંડ અને ઇન્દ્રાણી મુખરજીની છે. ગમે એટલી વાર આ વાક્ય વાંચશો તોય ગૂંચવાયેલા ને ગૂંચવાયેલા જ રહેશો પણ વેઈટ એના બદલે ગમે તે ન્યુઝ ચેનલ ચાલુ કરીને બેસી જાવ. ફોન પર અને ઘટના સ્થળેથી કરાતા રીપોર્ટીંગ જોતાવેત જ તમને બધી ગુથ્થી સુલજી જતી લાગશે. સ્ટુડીયોમાં સૂટમાં સજ્જ એન્કરો અને વિવિધ સ્થળેથી બ્રેકીંગ ન્યુઝોની દેઠોક કરતા રિપોર્ટરોએ જાણે કે બીડુ ઝડપ્યું છે દર્શકોને કેસની રજેરજની માહિતી આપવાનું અને એ લોકો આપ્યે જ જાય છે આપ્યે જ જાય છે.જાણે શીનાની હત્યા નહિ પણ કોઈ રાષ્ટ્રીય આફત આવી ગઈ હોય!!! ઇવન કેસની તપાસ કરી રહેલા રાકેશ મારિયા પણ માથું ખંજવાળે છે કે ટીવી રીપોર્ટસના આધારે તો કેસ ચપટીમાં ઉકલી જવો જોઈએ. સારું છે ન્યુઝ રિપોર્ટરો પાસે કોઈ સત્તા નથી નહિતર રાયગઢના જંગલોમાં અદાલત ભરીને ફેસલો પણ આપી દેત. જો કે ન્યુઝ ચેનલોને તો બ્રેકીંગ ન્યુઝ અને ૨૪ X ૭ ચેનલ ચલાવવામાં રસ છે, ફેસલાઓમાં નહિ.

આપણું ઈલેક્ટ્રોનિક મીડિયા અને એમાયે ખાસ કરીને ન્યુઝ ચેનલો સાદી ભાષામાં કહીએ તો દોઢડાહી છે. જરા સરખી પણ સ્ટોરી મળી નથી કે રીપોર્ટીંગ તો દૂરની વાત રહી પણ એ તો ફેસલા પણ પ્રસારિત કરવા માંડે છે. નો ડાઉટ ઘણી વાર આવા રીપોર્ટસ મદદરૂપ પણ થાય છે પણ સામે એનું સતત હેમરીંગ પણ દર્શકોના માથે મરાતું હોય છે.ન્યુઝ ચેનલોનો વણલખ્યો નિયમ છે કે જયાં સુધી બીજુંનાં મળે ત્યાં સુધી પહેલું ચલાવ્યે રાખવાનું. ને જેવું બ્રેકીંગ ન્યુઝ આવે કે આગલા ન્યુઝને એકાદ બુલેટીનમાં બાઈટ કે પછી સુર્ખિયામાં સમાવી ભૂલી જવાનું. વ્યાપમનું અતિ વ્યાપમ કવરેજ જેવું લલીતગેટ બ્રેક થયું એ સાથે જ ખોવાઈ ગયું. લલીતભાઈનું કાઈ ઠેકાણું પડે એ પહેલા સંસદની ગરમાગરમી બાજુ કેમેરાનું ફોકસ ફરી ગયું ત્યાંથી પાકિસ્તાન અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો તરફ અને હવે પુરા જોશઓખરોશથી ઈન્દ્રાણી બાજુ. કાલે કાઈ નવું આવશે તો ઈન્દ્રાણી એક બાજુ રહી જશે એ નક્કી.

સમાચારો બતાવવા માટે જ ન્યુઝ ચેનલો છે એટલી સાદી અક્કલ આપણને પણ છે પણ મુદ્દો છે નોનસેન્સ ન્યુઝનો અતિરેક. જાણે ભારતમાં ઈન્દ્રાણી સિવાય કોઈ બનાવો બનતા જ નથી કે બન્યા જ નથી એવી ન્યુઝ ચેનલોની માનસિકતા એ બતાવે છે કે પત્રકારીતાનું સ્તર સમય આવ્યે કેટલું નીચે આવી શકે છે. જો કે આખોયે ખેલ પત્રકારીતાનો ઓછો અને ટીઆરપી નો વધુ છે.ખરેખર તો ઈન્દ્રાણી વાળો આખો મામલો ન્યુઝ ચેનલો પર મોડી રાતે આવતા 'ચૈન સો સોના હૈ તો જાગતે રહીએ ' ટાઈપના પ્રોગ્રામના એક કે બે એપીસોડો પુરતો જ લાગે છે પણ ખબર નહિ નોનસ્ટોપ ન્યુઝ અને બ્રેકીંગ ન્યુઝની બબાલો આ ચેનલોને એટલી બધી કોઠે પડી ગઈ છે કે આપણને નવાઈ લાગે કે ઈલેક્ટ્રોનિક મીડિયા જેવું જવાબદાર મીડિયા અને એમાં બેઠેલા લોકો સમાચારોની ખરાઈ કરવા જેટલી તસ્દી પણ કેમ નહિ લેતા હોય? હમણાં નો જ આખે જોયેલો દાખલો લો. ૨૫મી ઓગષ્ટના ગુજરાત તોફાનોમાં. ૪૦૦ લોકોનું ટોળું ગાંધીનગર તરફ હુમલો કરવા રવાના... જેવા બ્રેકીંગ ન્યુઝ ગુજરાતી સંચાર ચેનલ પર આ લખનારે સગી આખે લગભગ બે કલાક જોયેલા. આજે એ ઘટનાના ૧૦ દિવસ પછી પણ એ ટોળું હજુ ગાંધીનગર નથી પહોચ્યું એ અલગ વાત છે પણ ખરાઈ કર્યા વગરના એ સમાચારે કે પછી અમે પહેલા એવું બતાવવાની ઉતાવળમાં પ્રસારિત એ ન્યુઝે કેટલાની ઘ ઉડાડી દીધી હશે એ વિચારો!!!

જમાનો સમાચાર માધ્યમોનો છે. ખબરો અને સમાચારોની જરૂર અને ઝડપ પ્રકાશવર્ષથી પણ વધારે છે. વીજાણું માધ્યમોમાં ફુગાવો આવેલો છે, રોજ નવી નવી ચેનલો ખુલી રહી છે ખાસ કરીને ન્યુઝ ચેનલો અને એ પણ પાછી ૨૪ X ૭ ચાલતી ચેનલો. એને સતત દોડતી રાખવી પડે છે, કૈક ને કૈક દર્શકોની ડીશમાં પીરસતું રહેવું પડે છે. સમાચારોની દુનિયા છે તો સ્વાભાવિક છે કે સૌથી પહેલા સમાચારો આપવાની દોડ લગાવવી જ પડે. વાસી સમાચારો કે મોડા સમાચારોનું ઈલેક્ટ્રોનિક મીડિયામાં કોઈ સ્થાન નથી જ. હું પહેલો... હું પહેલોની અક્કલ વગરની દોડમાં આવા સમાચારોનું પ્રભુત્વ ટીવીના ટચુકડા પરદે વધતું જાય છે. રખે એવું સમજતા કે 'ઈન્દ્રાણી ને લંચમે સેન્ડવીચ ખાઈ 'એવા બ્રેકીંગ ન્યુઝ સકલ ભારતવર્ષના સમાચાર દર્શકો માટે વિશેષ સમાચાર છે. ના ના, આ તો બ્રેકીંગ ન્યુઝના નામે મોટાભાગે હસાવતો અત્યાચાર જ છે.

કહેવાય છે ને કે સમાચારોનાં હોય ત્યારે સમાચાર બનાવવા પડે છે. પત્રકારત્વની ભાષામાં એને ટેબલ સ્ટોરી કહે છે. સમાચારો મેળવવા કોઈ મોટી વાત નથી રહી પણ આજના ચમકીયા સમાચાર વિશ્વમાં એને કેવી રીતે રજુ કરવા એ અગત્યનું છે. જમાનો લાઈવ રીપોર્ટીંગનો છે અને લાઈવ રીપોર્ટીંગની સજ્જતાવાળા રિપોર્ટરો ક્યાં? અગેઈન ૨૫-૨૬ ઓગષ્ટના ગુજરાતના તોફાનો વખતે પણ આપણે એવા અનેક બ્રેકીંગ ન્યુઝ જોયા જે એકબીજાથી વિરુદ્ધ હતા અથવા જેના કોઈ ઈલેક્ટ્રોનિક દ્રશ્યો કે ચિત્રો પ્રસારિત થયા જ નહિ. બીજું કે ન્યુઝ ચેનલોનો દાણાપાણી જાહેરાતો હોય છે અને જાહેરાતો આપનારાઓ ટીઆરપી પહેલા જુએ. અને ટીઆરપી માટે સતત કઈક ને કઈક ચલાવતું રહેવું પડે. સમાચારોની દુનિયામાં સમાચાર પહેલા આપવા અને ટાયમલી આપવા એના પર જ આખોયે ન્યુઝ બીઝનેસ ટકેલો છે. ન્યુઝ સ્ટુડીયોમાં બીજી સમાચાર ચેનલો પણ સતત ચાલુ હોય છે, ન્યુઝ એડિટરની બીજી સમાચાર ચેનલો પર પણ બાઝ નજર હોય જ છે એવા સમયે ઘણી વાર તો બીજી ચેનલે આપેલા સમાચાર કરતા એક ડગલું આગળ સમાચાર આપવાની લ્હાયમાં અને સમયની મારામારીમાં કોણ ભોજિયો ભાય ખરાઈ કરવા બેસવાનો? જેમ સમાચાર લોકો સુધી પહોચાડવા એ સમાચાર ચેનલોનો હક્ક છે બિલકુલ એ જ રીતે સમાચારોની શક્ય એટલી ખરાઈ થાય એ પણ જરૂરી છે કારણકે આપણે ત્યાં છાપા કે ટીવીમાં આવે એ સાચું માનનારો બહુ મોટો વર્ગ છે. પણ ઈન્દ્રાણી જેવા નોનસેન્સ ન્યુઝ અને બ્રેકીંગ ન્યુઝની સટાસટીવાળી દુનિયામાં જીવતી આપણી ન્યુઝ ચેનલો અને એના શેરલોક હોમ્સથી પણ ચડિયાતા રિપોર્ટરો આ વાત સમજે તો ને???

વિસામો :

સમાચાર એટલે શું? અને પત્રકાર એટલે શું? એ જાણવા માંગતા હોવ તો એન.ડી.ટી.વી. પર રોજ રાત્રે ૯ વાગ્યે આવતો રવીશ કુમારના બેબાક એન્કરીંગવાળો પ્રોગ્રામ 'પ્રાઈમ ટાઈમ' જોઈ લેવો.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૨૦૧૩ની કલમ ૪૯ મુજબ મિલ્કતમાં હક્ક છોડવા સ્ટેમ્પ ડ્યૂટી લાગશે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૧૩ માં ગુજરાત અધિનિયમની કલમ ૧૫ થી ગેઝેટ બહાર પાડી ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની ૧૯૫૮ ની જોગવાઈમાં સુધારો કરેલ જે મુજબ ૪૯ માં ફારગતી લેખ અંગે તેમજ હક્ક છોડી દેવાના કરારો ઉપર ભરવા પાત્ર સ્ટેમ્પ ડ્યૂટી અંગે જોગવાઈ કરવામાં આવેલ છે. આ સુધારો ૧૫-૫-૨૦૧૩ થી અમલમાં મુકેલ છે. જેમાં ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ની કલમ ૪૯ માં ફારગતી લેખ યાને હક્ક છોડી દેવાના લેખ ઉપર ભરવા પાત્ર યોગ્ય સ્ટેમ્પ ડ્યૂટીમાં કલમ ૪૫ થી સુધારો કરવામાં આવેલ છે. જે મુજબ હક્ક છોડયા અંગેના કરાર રૂા.૧૦૦ ના સ્ટેમ્પ ડ્યૂટી પેપર ઉપર નોંધવામાં આવતા જે હવે સ્ટેમ્પ ડ્યૂટી મુજબ ૪.૯૦ ટકા મુજબ ભરવાનો રહેશે.

જો વડિલોપાર્જીત મિલ્કત અથવા તેના કોઈ ભાગ અંગે હક્ક જતો કર્યા અંગેનો લેખ છોડી દેનારના ભાઈ અથવા બહેન મૃત્યુપામેલ પુત્રનો પુત્ર તથા પુત્રી તેમજ મૃત્યુપામેલ પુત્રીના પુત્ર તથા પુત્રી અથવા પિતા અથવા માતા અથવા પત્ની અથવા ઉપરોકત સંબંધોના કાનૂની વારસદારો આ તમામ દ્વારા અથવા તરફેણમાં થયેલા ફારગતી યાને હક્ક છોડયા અંગેના લેખમાં કાયદા મુજબ માત્ર ૨૦૦ નો સ્ટેમ્પ જરૂરી છે. તે સીવાયના આડ